# ગઝલતત્વ

## -રાકેશ હાંસલીયા-

### .1.

આ ખભે શાથી જમેલો રાખીએ ?
સાવ ખાલી 'હું'નો થેલો રાખીએ.

શી ખબર અંધાર ક્યારે ખાબકે ?
એક દીપક પેટવેલો રાખીએ.

સંત હોવાનો ન રહે મીથ્યા ભરમ
હાથને બસ સ્હેજ મેલો રાખીએ.

શક્ય છે ક્યારેક ઉત્તર પણ મળે,
પત્ર એને પાઠવેલો રાખીએ.

### .2.

જીવવા એકાદ કારણ જોઈએ,
જીવને ક્યાંક ગુંચવેલો રાખીએ.

આખરે એની કૃપા તો થાય છે,
આપણાથી રાહ ક્યાં જોવાય છે ?

એ પધારે; દ્વાર પણ હરખાય છે,
ખુદ ઉઘડવાને અધીરા થાય છે !

કોણ બનવાકાળને ટાળી શકે ?
તે છતાં ક્યાં સ્હેજ સ્વીકારાય છે ?

માત્ર કંકર ફેંકવાના ખ્યાલથી,
જળમાં વમળો અણદીઠાં સર્જાય છે !

‘સર્વનું કલ્યાણ કરજો, હે પ્રભુ’
વેણ એવાં એમ ક્યાં બોલાય છે !

**.3.**

શું મહેકે છે બધે લોબાન જેવું ?
ઉર્મીઓનું થાતું હો સન્માન જેવું.

સ્થીર છે ચહેરાની એક્કેએક રેખા,
ભીતરે નક્કી હશે તોફાન જેવું.

...ને પ્રપંચોની પછી શરુઆત થાશે,
બાળકોમાં જ્યારે આવે ભાન જેવું.

જાત આખી ઓગળી રહી છે કશામાં,
આ હૃદયનું હો કશું સંધાન જેવું.

કૈંક પાથરણાં મળ્યા રેશમ સરીખા,
ક્યાં કદી ચાહ્યું હતું કંતાન જેવું !

એક પ્રાચીન વૃક્ષનું ઊભું છે ઠુંઠું,
કેટલીયે મોસમોનાં બયાન જેવું.

કેમ બારીને કરું હું બંધ ‘રાકેશ’,
આ હવાનું થાય ના અપમાન જેવું.

**.4.**

આમ આ કોનું સ્મરણ થઈ જાય છે,
જાતનુંયે વીસ્મરણ થઈ જાય છે !

એ તો સપનામાં પરીઓને જુએ,
આપણે બસ જાગરણ થઈ જાય છે !

ઝાંઝવા નજરે પડે સુદુર તો,
ઝંખનાઓનું હરણ થઈ જાય છે !

સાવ કોરી આંખ જોઈ – કોઈની,
અશ્રુભીનો એક જણ થઈ જાય છે !

સઘળું વાંચેલું રહે છે યાદ ક્યાં ?
કેટલું તોયે ગ્રહણ થઈ જાય છે !

**.5.**

ક્યાં બધે દીલથી જવાતું હોય છે,
એટલે કાયમ થકાતું હોય છે.

સૌ ફરે છે આમ તો દેશાવરો,
તોય ઘરને ક્યાં વટાતું હોય છે.

કાયમી કોઈ દશા હોતી નથી,
બે-ઘડી ધુમ્મસ છવાતું હોય છે.

એક ખુલ્લી પાઠશાળા છે જીવન,
કંઈ ને કંઈ હરપળ ભણાતું હોય છે.

નામ ક્યાં આવે છે હોઠે કોઈનું,
તોય ભીતર કૈં રટાતું હોય છે.

તાપ ભાદરવાનો વરસે તીર થઈ,
ને ઝરણ ભોળું ધવાતું હોય છે.

**.6.**

સોંપી દે ઈશ્વરને સઘળા ભાર મનવા,
હર પળે ના વ્યર્થ વલખાં માર મનવા

સૌ સુતાં છે ઓઢીને અંધાર મનવા,
કોણ સુણે સુર્યનો પોકાર મનવા.

હોય છે સંકેત એમાં ગેબનો પણ;
આપણા ક્યાં હોય છે નીર્ધાર મનવા.

રાઈના દાણા નહીં; વાવ્યા છે શબ્દો,
લાગશે એને તો ફળતા વાર મનવા.

બાંધજે ના ધારણા કોઈ અમંગલ
આખરે એ થાય છે સાકાર મનવા.

બસ ચરણને મુકી દે પદ્માસને તું,
પામવો છે દુરનો અણસાર મનવા.

**.7.**

એય અંધારા મહીં ગમતું હતું,
દુર જો કે કૈંક ટમટમતું હતું.

કાન માંડી પથ્થરો બેઠા હતા,
એક ઝરણું કૈંક ગણગણતું હતું.

અન્યથા ના ધુપની આવે મહેક,
કોઈનું નક્કી હ્રદય બળતું હતું.

વ્યાધનું ચોક્કસ અહીંયાં ઘર હશે,
શેરીમાં ભોળું હરણ ભમતું હતું.

જાણે ઝરણાનો થવાનો હોય જન્મ,
એમ પથ્થરમાંથી જળ ઝમતું હતું.

**.8.**

એના તરફ ઉર્મી વહાવી તો જુઓ,
એના હ્રદયતલને ભીંજાવી તો જુઓ !

કોને ખબર વટવૃક્ષનું પામે સ્વરુપ ?
ઝીણું ભલે હો બીજ, વાવી તો જુઓ !

છે શક્ય કે કોઈ ગઝલ પણ નીપજે,
લેખણ છે કર માંહે, ચલાવી તો જુઓ !

શીખર પર પ્હોંચી ગયા સારું થયું,
પણ ત્યાં હવે ખુદને ટકાવી તો જુઓ !.

એવું બને એ દોડીને ભેટી પડે,
એને હ્રદયપુર્વક મનાવી તો જુઓ !

**.9.**

પાસનાં સૌ ગામ ખાતાં જાય છે,
શહેર પણ મેદસ્વી થાતાં જાય છે.

જેમ દાણા હર કણસલામાં ભરાય,
એમ સૌ અહીં ગોઠવાતા જાય છે.

ઘર, મકાનો, બંકરો, ઈમારતો,
તોય સઘળાં જોખમાતાં જાય છે.

અડચણો છે માર્ગની કોરે બધી,
તોય ચરણો ઠોકરાતાં જાય છે.

જેમ મોટાં થાય છે આ બાળકો,
કોણ જાણે ઝંખવાતાં જાય છે !

**.10.**

હું જો બોલું ધુળધાણી થાય છે,
એના શબ્દો વેદવાણી થાય છે.

મારાં પગલાં સાથ ન આપે મને,
એના હર પગલે ઉજાણી થાય છે.

હું જો આપું તો સખાવતમાં ખપે,
એ કૈં આપે તો લ્હાણી થાય છે.

વાત એની સાંભળે સૌ ધ્યાનથી,
હું કહું તો રામકહાણી થાય છે.

***રાકેશ હાંસલીયા***

કવીના સંયુક્ત ગઝલસંગ્રહ **‘તત્ત્વ 111 ગઝલ’**, (**પ્રકાશક**: દીનેશ કાનાણી, ‘શ્રીરામ’, 7 – નારાયણનગર, ઢેબર કોલોની પાસે, રાજકોટ – 2, **મુલ્ય**: રૂ. 111)**માંથી સાભાર..**

**કવી સંપર્ક:** ‘સૌમ્ય’, સીલ્વર ગોલ્ડ રેસીડેન્સી – 3, ગોલ રેસીડેન્સી પાછળ, નાના મવા રોડ, રાજકોટ – 5, **મોબાઈલ - 98248 85416,** Email : Rakesh.Hansaliya@gmail.com

@@@

‘સન્ડે ઈ–મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ સાતમું – અંક : 238 – February 26, 2012

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@

## ખુશ ખબર..

### ‘ગુજરાતીલેક્સિકોન’ના વપરાશકારો.... આનંદો....

આપણાં ગુજરાતી બાળકો ગમ્મત સાથે જ્ઞાન આપતાં આપણાં લોકપ્રિય ઉખાણાંના વારસાથી વંચિત થતાં જાય છે. બાળમાનસના ઘડતરમાં તેની વિશિષ્ટ ભૂમિકા પિછાણી ‘ગુજરાતીલેક્સિકોને’ તેના વપરાશકારોનાં સંતાન/બાળમિત્રો માટે અલાયદી કીડ્ઝ કોર્નર Kids Corner ( http://www.gujaratilexicon.com/game/kids-corner/ ) શરૂ કરી છે. હવે આપણે આપણાં બાળકોને પણ આ મીઠી શબ્દરમતમાં રસ લેતાં કરી શકીશું.

તેમાં બે વિભાગો છે:

સ્ક્રીન પર ગુજરાતીમાં લખતાં ન આવડ્યું કે ફાવ્યું હોય તોય રમી શકાય તેવું તે સરળ છે. આવો, આ બે વિભાગો વિશેની માહિતી જોઈએ :

- વિભાગ 1 – ઉખાણાં (Ukhana Section)
- વિભાગ 2 – સામાન્યજ્ઞાનના પ્રશ્નો (General Knowledge Quiz Section)

**ઉખાણાં** : ( http://www.gujaratilexicon.com/game/kids-corner/ukhana/ )

આ વિભાગમાં 5-5 ઉખાણાંનો એક સેટ આપવામાં આવ્યો છે. દરેક ઉખાણાના જવાબ માટેના ચાર વિવિધ વિકલ્પો આપેલા હોય છે. જે તે ઉખાણાનો આપને જે ઉત્તર યોગ્ય લાગે તેના ઉપર ક્લિક કરો, તે જવાબ ત્યાં છપાઈ જશે. આ રીતે આપને જેટલાં પણ ઉખાણાંના ઉત્તરની જાણકારી હોય તેટલા ઉત્તરો આપો. ત્યાર બાદ **Submit** બટન ઉપર ક્લિક કરશો તો, તમે આપેલા જવાબમાંથી કેટલા સાચા છે તે અને જો તમે આપેલો કોઈ ઉત્તર ખોટો હોય તો તેનો સાચો ઉત્તર શો છે તેની જાણકારી પણ મેળવી શકશો. જો આ રમત રમવામાં આનંદ આવે તો નીચે આપેલા **Play More** બટન ઉપર ક્લિક કરી બીજાં ઉખાણાં રમવાનો આનંદ મેળવી શકશો.

**સામાન્યજ્ઞાનના પ્રશ્નો** : ( http://www.gujaratilexicon.com/game/kids-corner/gk/ )

આ વિભાગમાં 5-5 પ્રશ્નોનો એક સેટ આપવામાં આવ્યો છે. દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિવિધ વિકલ્પો આપેલા હોય છે. પ્રશ્નનો જે ઉત્તર યોગ્ય લાગે તેના ઉપર ક્લિક કરો અને આ રીતે આપને જેટલા પણ પ્રશ્નના ઉત્તરની જાણકારી હોય તેટલા ઉત્તરો આપો. ત્યાર બાદ **Submit** બટન ઉપર ક્લિક કરી તમે આપેલા જવાબમાંથી કેટલા સાચા છે તેનો જવાબ તરત જ મેળવી શકશો. અને તમે આપેલો કોઈ ઉત્તર જો ખોટો હોય તો તેનો સાચો ઉત્તર શો છે તેની પણ જાણકારી મેળવી શકશો. જો આ રમત રમવામાં આનંદ આવે તો નીચે આપેલા **Play More** બટન ઉપર ક્લિક કરી બીજા પ્રશ્નો રમવાનો આનંદ મેળવી શકો છો.

અને હા, છેલ્લે જો આપને આ રમતો રમવામાં આનંદ આવે તો આપના મિત્રોને તેની લિંક વહેંચવાનું/મોકલવાનું ભૂલતા નહીં.

તમારો અનુભવ તમારાં સૂચનો સાથે મને મોકલશો તો ગમશે..

મૈત્રી શાહ, maitri@arniontechnologies.com
'લેક્સિકોન ટીમ' – અમદાવાદ
Arnion Technologies Pvt. Ltd., Office Phone – 079 - 4004 9325



@ @ @ @ @ @ @